માનનીય મંત્રીશ્રી મુળુભાઈ બેરા

## પ્રસ્તાવ સંબંધમાં રીત

## (નિયમ -૧૦૦)

મંત્રીશ્રી : માનનીય અધ્યક્ષ શ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે,

“વ્હેરએઝ ધી પાર્લામેન્ટ હેડ એનેકટેડ ધી વોટર (પ્રીવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ પોલ્યુશન) અમેન્ડમેન્ટ એક્ટ ટ્વેન્ટી ટ્વેન્ટી ફોર (નંબર ફાઇવ ઓફ ટ્વેન્ટી ટ્વેન્ટી ફોર) નોટીફાઇડ ઓન ફિફટીન ફેબ્રુઆરી ટ્વેન્ટી ટ્વેન્ટી ફોર.

એન્ડ વ્હેરએઝ ધી અમેન્ડમેન્ટ એક્ટ શેલ એપ્લાય, ઇન ધી ફર્સ્ટ ઈન્સ્ટન્સ, ટુ ધી હોલ ઓફ ધી સ્ટેટ્સ ઓફ હિમાચલ પ્રદેશ એન્ડ રાજસ્થાન એન્ડ ધી યુનિયન ટેરીટરીઝ એન્ડ ઈટ શેલ અપ્લાય ટુ સચ અધર સ્ટેટ્સ વ્હીચ વીલ અડોપ્ટ ધીસ એક્ટ, બાય પાસીંગ અ રીઝોલ્યુશન ઈન ધેર લેજિસ્લેટીવ એસેમ્બલીઝ એન્ડ લેજિસ્લેટીવ કાઉંસીલ્સ (ઈફ એની) અન્ડર ક્લોઝ (વન) ઓફ આર્ટીકલ ટુ ફિફટી ટુ ઓફ ધી કન્સ્ટીટ્યુશન

રેડ  વીથ ક્લોઝ(ટુ), ધેર ઓફ, વીથ ઈફેક્ટ ફ્રોમ ધી ડેટ ઓફ સચ અડોપ્શન.

એન્ડ વ્હેરએઝ ધી એઈમ ઓફ ધીસ અમેન્ડમેન્ટ એક્ટ ઈઝ ટુ ડીક્રીમીનલાઈઝ ધી પ્રોવીઝન્સ ઓફ ધી ઓરીજનલ એક્ટ “વોટર (પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ પોલ્યુશન) એક્ટ, નાઈન્ટીન સેવન્ટી ફોર” ઈન ટુ બ્રેકેટ સીક્સ ઓફ નાઈન્ટીન સેવન્ટી ફોર બ્રેકેટ ઓવર ટુ ફેસીલીટેટ ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસ ઈન ધી કન્ટ્રી એન્ડ ટુ સ્ટ્રીમલાઈન ધી પ્રોસેસ ઓફ નોમીનેશન ઓફ ચેરમેન ઓફ સ્ટેટ પોલ્યુશન કન્ટ્રોલ  બોર્ડ્સ.

એન્ડ વ્હેરએઝ ઈટ અપીયર્સ ટુ ધીસ લેજિસ્લેટીવ એસેમ્બલી ટુ બી ડીઝાઈરેબલ ધેટ ધી અફોરસેઈડ અમેન્ડમેન્ટ એક્ટ શુડ બી અડોપ્ટેડ ઈન ધી સ્ટેટ ઓફ ગુજરાત બાય પાસિન્ગ અ રીઝોલ્યુશન ઈન ધીસ હાઉસ.

નાઉ, ધેરફોર ઈન એક્સસાઈઝ ઓફ ધી પાવર્સ કન્ફર્ડ બાય આર્ટીકલ ટુ ફિફટી ટુ ઓફ ધી કન્સ્ટીટ્યુશન ઓફ ઈંડિયા, ધીસ હાઉસ હીયરબાય રીઝોલ્વ્સ ધેટ ધી અમેન્ડમેન્ટ્સ વીથ રીસ્પેક્ટ ટુ ધી વોટર (પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ પોલ્યુશન)

અમેન્ડમેન્ટ એક્ટ, ટ્વેન્ટી ટ્વેન્ટી ફોર ઈન ટુ બ્રેકેટ નંબર ફાઇવ ઓફ ટ્વેન્ટી ટ્વેન્ટી ફોર બ્રેકેટઓવર શુડ બી અડોપ્ટેડ ઈન ધી સ્ટેટ ઓફ ગુજરાત એઝ એનેક્ટેડ બાય ધી પાર્લામેન્ટ.

**અધ્યક્ષશ્રી** : પ્રસ્તાવ રજૂ થાય છે.

(ત્યારબાદ પ્રસ્તાવ રજૂ કરનાર મંત્રીશ્રી અને અન્ય સભ્યશ્રીઓ પોતાના વકતવ્યો કરે છે. ત્યારબાદ પ્રસ્તાવ રજૂ કરનાર મંત્રીશ્રી ચર્ચાનો જવાબ આપે છે. )

**અધ્યક્ષશ્રી** : હવે હું પ્રસ્તાવ મત માટે મુકીશ. પ્રશ્ન એ છે કે

પ્રસ્તાવની જેઓ તરફેણમાં હોય તેઓ ''હા'' કહે (થોડીવાર રહીને) જેઓ વિરુદ્ધમાં હોય તેઓ ''ના'' કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે ''હા'' કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) ''હા'' કહેનારાની બહુમતી છે. પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવે છે.

# માનનીય મંત્રીશ્રી, મુળુભાઈ બેરા સાહેબનું પ્રવચન

માનનીય અધ્યક્ષ શ્રી,

આ પ્રસ્તાવનો હેતુ દર્શાવતી વિગતો આ ગૃહ સમક્ષ રજૂ કરુ છું.

સંસદ દ્વારા જન વિશ્વાસ અધિનિયમ (જોગવાઈઓનો સુધારો), ૨૦૨૩ ઘડવામાં આવેલ છે (જોગવાઈઓનો સુધારો) જન વિશ્વાસ . અધિનિયમ, ૨૦૨૩માં દંડ અને વધારાના દંડ સાથે અવેજી કરીને તેને આંશિકરૂપે અપરાધમુક્ત કરવા માટે ૪૨ અધિનિયમની કુલ ૧૮૩ જોગવાઈઓમાં સુધારો કર્યો છેજોગવાઈઓનો ) જન વિશ્વાસ . અધિનિયમ (સુધારો, ૨૦૨૩ સંપૂર્ણપણે ઔદ્યોગિક ક્ષેત્રોને લગતા અધિનિયમોમાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

જન વિશ્વાસ અધિનિયમ (જોગવાઈઓમાં સુધારો), ૨૦૨૩ દ્વારા સુધારેલા ૪૨ અધિનિયમોમાં હવા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૮૧ હવા" ટૂકમાં)અધિનિયમ ૮૧(", પર્યાવરણ અધિનિયમ (સંરક્ષણ), ૧૯૮૬" ટૂંકમાં) ઈપીએ ૮૬") અને પબ્લિક લાએબિલિટી ઈન્સ્યુરન્સ અધિનિયમ, ૧૯૯૧ નામના ત્રણ અધિનિયમોને પણ આવરી લેવામાં આવેલ છેઉપરોક્ત . અધિનિયમોમાં સંશોધિત જોગવાઈઓ ૧લી એપ્રિલ, ૨૦૨૪ના રોજ અમલમાં આવેલ છે અને તેના મુખ્ય સુધારાઓમાં અમુક જોગવાઈઓનું

ઉલ્લંઘન અથવા પાલન ન કરવા પર નિર્ણાયક અધિકારી દ્વારા દંડ લાદવામાં આવશે જે કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલ પર્યાવરણ સુરક્ષા ફંડમાં જમા કરાવવામાં આવશે .

પાણીઅધિનિયમ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) , ૧૯૭૪ એ રાજ્યમાં પ્રદૂષણના નિયંત્રણ અને નિવારણ માટેનો બાકીનો ત્રીજો આધારભુત સ્તંભ છે, તેથી જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) અધિનિયમ, ૨૦૨૩ હેઠળ સુધારો કરેલ હવા પ્રદૂષણ નિવારણ અને ) અધિનિયમ (નિયંત્રણ, ૧૯૮૧ અને પર્યાવરણ અધિનિયમ (સંરક્ષણ), ૧૯૮૬ ની રીતે ઢાળવામાં આવે તે જરૂરી હતું .

માનનીય અધ્યક્ષ શ્રી,

આ અન્વયે પાણી પ્રદૂષણ નિવારણ અન)ે નિયંત્રણસુધારા ( ૨૦૨૪ અધિનિયમતાના રોજ રાજ્યસભામાં તથા ૨૦૨૪/૦૨/૦૬. તા.૦૮ના રોજ લોકસભામાં પસાર કરવામાં આવેલ અને ૨૦૨૪/૦૨/ તા.૧૫૦/૨ના રોજ ગેઝેટ ઓફ ઈન્ડિયામાં પ્રસિધ્ધ કરવામાં ૨૦૨૪/ આવેલ છે .

માનનીય અધ્યક્ષ શ્રી,

પાણી વિષય ભારતીય સંવિધાનમાં રાજ્યની યાદી-૨ માં સામેલ છે જેથી ભારતીય સંવિધાન અનુચ્છેદ ૨૫૨ હેઠળ પાણી પ્રદૂષણ નિવારણ ) ની જોગવાઈઓનો રાજ્ય ૨૦૨૪ સુધારા અધિનિયમ (અને નિયંત્રણ સરકારે સ્વીકાર કરવા અર્થે વિધાનસભામાં પસાર કરવો જરૂરી છે . અગાઉ સંસદ દ્વારા ઘડવામાં આવેલ પાણી પ્રદૂષણ)નિવારણ અને નિયંત્રણઅધિનિયમ (, ૧૯૭૪ આ જ રીતે વિધાનસભામાં પસાર કરવામાં આવેલ હતો.

માનનીય અધ્યક્ષ શ્રી,

પ્રસ્તુત પાણી સુધારા અધિનિય (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ)મ ૨૦૨૪ દ્વારા સૂચિત મહત્વના ફેરફારો ઉદ્યોગોને વેગ આપશે એટલું જ નહિ; પરંતુ આ ફેરફારો પર્યાવરણીય સંરક્ષણની દિશામાં પણ મદદરૂપ સાબિત થશેઆ ફેરફારો આપણા દેશમાં ઔદ્યોગિક એકમોની સ્થાપના ., સંચાલન, જરૂરી પરવાનગીઓ, ઉલ્લંઘન પર કાર્યવાહી વગેરેની પ્રક્રિયાને સરળ અને સહજ બનાવવા માટે કરવામાં આવેલ છેઆ સાથે ., આ અધિનિયમ હેઠળ સામાન્ય ભૂલો માટે ઉદ્યોગ સાહસિકોને આપવામાં આવતી જેલની સજાને આંશિકપણે દૂર કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છેઆ સુધારોએ પર્યાવરણીય સંરક્ષણને ધ્યાનમાં રાખીને ઈઝ .

ઓફ ડુઈંગ બિઝનેસ તરફ સરકાર દ્વારા કરવામાં આવેલ પ્રયાસોની શ્રેણીમાંથી એક છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

હાલમાં પાણી  ૧૯૭૪ અધિનિયમ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) હેઠળની જોગવાઈઓમાં કલમ ૪૧ થી કલમ ૪૫એ-, કલમ ૪૭ અને કલમ ૪૮ સુધી વિવિધ નાની નાની બાબતો માટે સજાની જોગવાઈ છે અને તેનું વર્ણન કરવામાં આવ્યું છેહવે નવા . સુધારામાં કલમ ૨૫ અને ૨૬ની જોગવાઈઓના ઉલ્લંઘન, દંડ અથવા વધારાનો દંડ ભરવામાં નિષ્ફળતા સિવાયની તમામ જોગવાઈઓમાંથી કેદની સજાની જોગવાઈને નાબૂદ કરવામાં આવેલ છે .

માનનીય અધ્યક્ષ શ્રી,

મુખ્યત્વે હું ત્રણ મુખ્ય વિષયો વિશે વાત કરવા માંગુ છું. આ કાયદા હેઠળ ત્રણ મુખ્ય વિષયો પર ધ્યાન આપવામાં આવ્યું છેપ્રથમ ., રાજ્યના બોર્ડમાં અધ્યક્ષશ્રીની નિમણૂકને સુવ્યવસ્થિત કરવીરાજ્યના પ્રદૂષણ  . નિયંત્રણ બોર્ડના અધ્યક્ષની નિમણૂક, તેમની લાયકાતો અને તેમની પ્રક્રિયાને સુવ્યવસ્થિત અને સમાન બનાવવા માટે, કલમ ૪ હેઠળ આ સુધારો કરવામાં આવ્યો છે કલમ .૪ હેઠળ જે સુધારો  કરવામાં આવ્યો છે તે  રાજ્યના બોર્ડના અધ્યક્ષની નિષ્પક્ષ અને પારદર્શક નિમણૂકને

સુનિશ્ચિત કરશે અને તેમના માટે ચોક્કસ ફરજિયાત લાયકાત, અનુભવ અને પ્રક્રિયા પૂરી પાડવાની વ્યવસ્થા  કરવામાં આવેલ છે.

બીજું, આ સુધારા દ્વારા એક મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે, જે મેં અગાઉ મારા નિવેદનમાં કહ્યું છે કે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના પ્રોત્સાહન માટે બિનજરૂરી દંડની જોગવાઈઓ દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે ૨૫ અને તેથી કલમ .અને ૨૬ને છોડીને બીજી બધી જોગવાઈઓ કે જે કોર્ટમાં સજા લાદવાની અને એક રીતે સજા આપવાની જોગવાઈઓ હતી તેને દૂર કરવામાં આવેલ છે .અને  આના પરિણામે ન્યાયતંત્ર પરનું ભારણ ઘટશે.

માનનીય અધ્યક્ષ શ્રી,

પર્યાવરણીય કાયદાના ભંગ કરનાર કસુરવાર ઉદ્યોગો પર દંડ લાદવા માટે એક નિર્ણાયક અધિકારીની નિમણૂક કરવામાં આવશેદંડ ભરવામાં  . નિષ્ફળતાના કિસ્સામાં કેટલીકજોગવાઈઓ પણ કરવામાં આવી છે . દંડની રકમ માટે પર્યાવરણીય ફંડ બનાવવાની જોગવાઈ કરવામાં આવી પરંતુ જો કોઈને લાગે છે કે તેના પર લગાવવામાં આવેલ દંડ વાજબી  .છે નથી, તો તેને NGT દ્વારા અપીલ કરવાનો અધિકાર આપવામાં આવેલ છે. આ સુધારા થી સ્વનિયમન અમલમાં મુકવાનો પ્રયાસ કરેલ- છે .

ત્રીજું, હાલમાં કોઈ પણ રાજ્યમાં ઉદ્યોગ સ્થાપવા માટેની વિવિધ પરવાનગીઓની પ્રક્રિયામાં એકસુત્રતા જળવાતી નથી .આ સુધારા દ્વારા ઉધોગ માટેની પરવાનગીની પ્રક્રિયા સુવ્યવસ્થિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. નહીવત પ્રદુષણ ક્ષમતા ધરાવતા એટલે કે વાઈટ કેટેગરીના ઉદ્યોગોને વિવિધ પરવાનગીઓ લેવામાંથી મુકિત આપવામાં આવેલ છે .જેનાથી તેઓને રાજ્યમાં આ પ્રકારના ઉદ્યોગો સ્થાપવા માટેની પ્રક્રિયા સરળ થશે.

માનનીય અધ્યક્ષ શ્રી,

આ સુધારા થકી કેન્દ્ર સરકાર સ્તરે તથા રાજ્ય સ્તરે મેળવવાની થતી કેટલીક અલગ અલગ સંમતિનું ડુપ્લિકેશન તથા નિયમનકારી સંસ્થાઓ પરનો બોજ ઘટશેબીજું ., કેન્દ્ર સરકાર કોઈપણ ઔદ્યોગિક પ્લાન્ટની સ્થાપના અને સંચાલન માટે રાજ્ય બોર્ડ દ્વારા સંમતિને નકારવા અથવા રદ કરવા સંબંધિત બાબતો પર માર્ગદર્શિકા બનાવવા માટે અધિકૃત રહેશે અને આવી તમામ પ્રક્રિયાઓ દરેક રાજ્યમાં એક સમાન રીતે લાગુ પડશે .આમ, જે ઉદ્યોગો એક કરતાં વધુ રાજ્યોમાં ઔદ્યોગિક એકમો ધરાવે છે, તેઓને હવે દરેક રાજ્યની વિભિન્ન પધ્ધતિની સાપેક્ષમાં એકસરખી પધ્ધતિથી કામગીરી કરવાની સુગમતા રહેશે અને તમામ રાજ્યોની પ્રક્રિયામાં એકસુત્રતા જળવાશે .આત્મનિર્ભર ભારત

માટે અને દેશમાં વેપાર કરવાની સરળતા વધારવા માટે આ મહત્વપૂર્ણ પરિવર્તન સાબિત થશે.

માનનીય અધ્યક્ષ શ્રી,

આપના દ્વારા મેં આ સુધારાની જોગવાઈઓ ગૃહ સમક્ષ રજૂ કરી છે . હું ઈચ્છું છું કે આ સન્માનનીય ગૃહના સભ્યો આને સમર્થન આપે.

માનનીય અધ્યક્ષ શ્રી,

પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ, ૨૦૨૪ અન્વયેનો પ્રસ્તાવ મેં આ સન્માનીય ગૃહ સમક્ષ રજૂ કર્યો છે. આ પ્રસ્તાવ સંદર્ભે જે માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના અભિપ્રાય રજૂ કર્યા છે તેઓનો હું આભાર માનું છું. આ સાથે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વધુ સક્ષમ બનાવવા માટે ભારત સરકાર દ્વારા આ સુધારા અધિનિયમ લાવવામાં આવ્યો છે તે બદલ ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબ અને ભારત સરકારને અભિનંદનસહ આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષ શ્રી,

આ સુધારા અધિનિયમના પ્રસ્તાવને સર્વસંમતિથી સ્વીકારવા માટે આપના મારફત આ સન્માનીય ગૃહને વિનંતી કરું છું.